RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 57 Date: 18.12.2023 Monday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# ગાઝામાં ઈઝરાયેલની ભયંકર એર સ્ટ્રાઈક, ૫૦નાં મોત. મૃત્યુઆંક ૧૯૦૦૦ ને પાર



તેલઅવીવ : ગાઝામાં ઈઝરાયેલ ફરી પાછું ત્રાટક્તા તેણે ધડબડાટી બોલાવી છે. ઈઝરાયેલે શનિવારે કરેલા જબરદસ્ત હવાઈ હુમલામાં ૫૦થી વધુના મોત થયા છે અને ૬૦થી વધુને ઈજા થઈ છે. આ સાથે ગાઝામાં સાતમી ઓક્ટોબરના હુમલા પછી વળતી કાર્યવાહીમાં મરનારાનો આંકડો ૧૯,૦૦૦ને વટાવી ચૂક્યો છે. હજી પણ યુદ્ધ બંધ થયું નથી, મૃત્યુ પામેલાઓમાં ૭૦ ટકા મહિલાઓ અને બાળકો છે. ઈઝરાયેલના હમાસ સાથેના યુદ્ધમા અત્યાર સુધીમાં ૫૦ હજારથી વધુ ઈજા પામ્યા છે અને કુલ ૨૩ લાખમાંથી ૨૦ લાખની વસ્તી વિસ્થાપિત થઈ ચૂકી છે. યુદ્ધમાં બે મહિના થયા છે અને તેના પગલે ગાઝાપટ્ટીની ૮૫ ટકા વસ્તી વિસ્થાપિત થઈ છે. તેમને રહેવા માટે ઘર નથી. ગાઝા મહદ અંશે આખુ સાફ થઈ ચૂક્યું છે અને ૬૦ ટકા વસ્તી પાસે રહેવા ઘર નથી અને તેણે સરહદ નજીક આવેલા શરણાર્થી કેમ્પોમાં આશરો લેવાની ફરજ પડી છે. પેલેસ્ટાઈની મીડિયા મુજબ ઓલ્ડ ગાઝા સ્ટ્રીટના જબાલિયા સ્થિત બે ઘરો પર હુમલા થયા હતા. ઈઝરાયેલ તરફથી થતાં હવાઈ હુમલાએ ગાઝાના કેટલાય શહેરોને ખંડેરમાં બદલી નાખ્યું છે. દરેક દિવસ વીતવાની સાથે ઈઝરાયેલનું લશ્કર ગાઝાના વધુને વધુ હિસ્સા પર અંકુશ જમાવી રહ્યું છે. આ કડીમાં ઈઝરાયેલે ગાઝા પરનું આક્રમણ વધારે તીવ્ર બનાવ્યું છે. સેન્ટ્રલ ગાઝામાં એક શરણાર્થી શિબિરમાં થયેલા હુમલામાં લગભગ ૫૦ લોકોના જીવ ગયા હતા અને ૬૦થી વધુ ઈજા પામ્યા છે. તેમા ૧૪ મહિલાઓ અને ચાર બાળકો સામેલ હતા. રફાહ શહેરમાં કરેલા હવાઈ હુમલામાં લગભગ આઠના મોત થયા હતા. ગાઝામાં હમાસને ખતમ કરવામાં લાગેલા ઈઝરાયેલે બંધક બનાવવામાં આવેલા પોતાના જ ત્રણ નાગરિકોને ઠાર કર્યા હતા. ઈઝરાયેલે જણાવ્યું હતું કે હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા ત્રણ નાગરિકો ખોટી ઓળખના કારણે માર્યા ગયા હતા. ત્રણેયને ગાઝાના ઉત્તરમાં શેજૈયામાં હાજર સૈનિકોએ ગોળી મારી દીધી હતી. ઈઝરાયેલના લશ્કરે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. આ ઘટના અંગે અફસોસ વ્યક્ત કરતા ઈઝરાયેલના લશ્કરના પ્રવક્તાએ જણાવ્યું હતું કે શિજાઈયામાં લડાઈ દરમિયાન આઈડીએફે ભૂલથી ત્રણ ઈઝરાયેલી બંધકોને જોખમકારક તત્વ તરીકે ઓળખ્યા અને પછી તેને ગોળી મારી ઠાર કર્યા. તેના પછી તપાસ દરમિયાન મૃતકોની ઓળખને લઈને શંકા જતા તેને ચકાસણી માટે ઈઝરાયેલ મોકલાયા. તેના પછી ખબર પડી કે મૃતક ઈઝરાયેલના નાગરિક હતા. ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ પણ આ ઘટનાની ટીકા કરી છે. આ ઉપરાંત અન્ય એક આશાસ્પદ વાત એ છે કે ઈઝરાયેલ અને કતાર વાતચીત માટે ફરીથી તૈયાર થઈ ગયા છે. ઈઝરાયેલ અને કતરના અધિકારી નોર્વેમાં મળવાના છે. આ મુલાકાતનો હેતુ યુદ્ધવિરામના બદલામાં ગાઝામાં હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોને છોડવાનો અને ઈઝરાયેલની જેલોમાં બંધ પેલેસ્ટાઈની કેદીઓને છોડવા અંગે વાતચીત ફરીથી શરુ કરવાનો છે. અમેરિકાએ પણ ઈઝરાયેલને આગ્રહ કર્યો છે કે તે યુદ્ધમાં નાગરિકોની ખુવારીના વધતા આંકડા પર અંકુશ આણે અને ફક્ત હમાસના નેતાઓને જ ટાર્ગેટ બનાવે. અમેરિકન પ્રમુખ બાઈડેન નાગરિક જાનહાનિને લઈને ઈઝરાયેલ સામે જાહેરમાં અસંતોષ વ્યક્ત કરી ચૂક્યા છે. જો કે અમેરિકાએ ઈઝરાયેલને લશ્કરી અને રાજકીય સમર્થન આપવાનું જારી રાખ્યું છે. આ ઉપરાંત ગાઝામાં લાંબા સમયથી ચાલતા યુદ્ધના લીધે ઈન્ટરનેટ તો છે જ નહી અને સેલફોન જેવા ઉપકરણો કોઈ કામના રહ્યા નથી કેમકે વીજળી નથી. વીજમોરચે અને ઈન્ટરનેટ કનેકશનના મોરચે રીતસરની બગડતી જતી સ્થિતિની સાથે ગાઝાની વસ્તી રીતસરના ભૂખમરામાં પરિવર્તીત પામી રહી છે.ગાઝામાં ઈઝરાયેલે હમાસને ખતમ કરવા માટે તેની પૂરેપૂરી તાકાત લગાવી દીધી છે. ઈઝરાયેલના આક્રમક પ્રહાર સામે હમાસ પણ તેને નુકસાન પહોંચાડવા નીતનવી વ્યૂહરચના અપનાવી રહ્યું છે.

## સિંગાપુરને સતાવવા લાગ્યો કોરોનાની નવી લહેરનો ડર, ૭ દિવસમાં ૫૬૦૦૦ લોકોને સંક્રમણ



સિંગાપુર,૧૬

કોરોનાવાયરસ અને તેનાથી થતી બીમારી કોવિડ-૧૯નું નામ પડતા જ ભલભલાને પરસેવો છુટી જાય છે. દુનિયામાં ભાગ્યેજ કોઈ એવો વિસ્તાર હતો જ્યાં કોરાનાનું સંક્રમણ ફેલાયું ન હતું. લાખોના મોતની સાથે કોરોના મહામારીએ જે આર્થિક અને સામાજિક નુકસાન કર્યુ તેમાંથી બહાર આવતા મહિનાઓ લાગ્યા હતા. ચીનના વુહના શહેરની વાયરોલોજી લેબોરેટરીએ દુનિયા આખીનું ધ્યાન ખેંચ્યું હતું. હવે સિંગાપુરમાં કોરોના વાયરસે માથું ઉંચકયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર સિંગાપુરમાં છેલ્લા ૭ દિવસમાં ૫૬૦૦૦ લોકો કોરોના સંક્રમણનો ભોગ બન્યા છે. સિંગાપુરના આરોગ્ય વિભાગે તો દેશમાં ફરી કોરોનાની એક નવી લહેર આવવાની શંકા વ્યકત કરી છે. સિંગાપુર આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે કોરોનાના વધતા જતા નવા કેસોએ નવેસરથી ચિંતા પ્રસરાવી છે. માત્ર એક જ સપ્તાહમાં કોરોનાના ૭૫ ટકા જેટલા કેસ વધ્યા છે. આથી હવે દરરોજ કોરોના અપડેટ આપવાનું નકકી કરવામાં આવ્યું છે. સિંગાપુરમાં જે કોરોના વેરિએન્ટ જોવા મળે છે તેનું નામ જેએન - ૧ છે.જો કે નિષ્ણાતોનું માનવું છે કે આ વેરિએન્ટ હાલતો ખતરનાક જણાતો નથી પરંતુ વધતા જતા સંક્રમણને જરાં પણ હળવાશથી લઈ શકાય નહી. સિંગાપુરની સરકારે ભીડવાળી જગ્યાએ જતા લોકોને માસ્ક પહેરવાની સલાહ આપી છે. સાથે સાથે જરુર પડે ત્યારે ઘરની બહાર ન નિકળવાની તથા કોરોનાના સામાન્ય લક્ષણ અનુભવાય કે તરત જ ડૉકટરનો સંપર્ક સાધવાની સૂચના આપવામાં આવી છે.હોસ્પિટલમાં સંભવિત કોરાનાના દર્દીઓ માટે પથારીઓની સંખ્યા વધારવામાં આવી છે. દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશ સિંગાપુરમાં કોરાનાના વધતા જતા સંક્રમણથી દુનિયાને પણ સાવચેત થઈ ગઈ છે. ૨૦૨૦માં ચીનના વુહાનથી કોરોના વાયરસ જોત જોતામાં સમગ્ર દુનિયામાં ફેલાયો હતો.

## ઈઝરાયલી સેનાની ભૂલ નેતન્યાહૂને ભારે પડી, તેલ અવીવમાં હજારો લોકો દેખાવો કરવા રસ્તા પર ઉતર્યા



ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈઝરાયેલના સંરક્ષણ દળોએ (ૈંઢહ્લ) મોટી ભૂલ કરી છે. એક ઈઝરાયલી મીડિયાએ ૈંઢહ્લના પ્રવક્તા ડેનિયલ હગારીના હવાલાથી જણાવ્યું હતું કે ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (ૈંઢહ્લ) એ ૭ ઓક્ટોબરના હુમલા બાદ હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા પોતાના જ ત્રણ નાગરિકોને ખતરો માનીને તેમના પર ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ત્રણેય નાગરિકોના મોત થયા હતા. આ હુમલા દરમ્યાન કિબુત્ઝ કફર અજા પકડાઈ ગયો હતો. જ્યારે સમેર અલ -તલાલ્કાને નિર અમ દ્વારા બંધક બનાવવામાં આવ્યા હતા. ઈઝરાયેલી સૈનિકો દ્વારા બંધકોની હત્યા બાદ ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેંજામિન નેતન્યાહુ સવાલોના ઘેરામા ફસાઈ ગયા હતા. તેલ અવીવમાં નેતન્યાહુ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન થઈ રહ્યુ છે. ઘટનાની જાણકારી મળતાની સાથે લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને શહેરમાં હાજર સૈનિકોના મથક પર માર્ચ કરી દેખાવો કર્યો હતો. પ્રદર્શનકારીઓએ બંધકોને છોડાવવા માટે સરકાર સાથે સમાધાન કરવાની માંગણી કરી હતી. છેલ્લા કેટલાક દિવસોમાં હમાસે ૧૨ થી વધુ બંધકોને મુક્ત કર્યા છે, પરંતુ હજુ પણ ૧૦૦ થી વધારે બંધકો તેમની પાસે છે.બેન્જામિન નેતન્યાહુએ આ દુર્ઘટના પર દુખ વ્યક્ત કરતા એક નિવેદનમાં કહ્યું, ×આ એક અસહનીય દુર્ઘટના છે. આખું ઈઝરાયેલ શોકમાં ડુબેલુ છે. આવી કપરા સમયમાં મારું હૃદય શોકગ્રસ્ત પરિવારો સાથે છે.'' તો આ બાજુ ઈઝરાયલની સેનાના પ્રવક્તા ડેનિયલ હગારીએ કહ્યું, × સેના દ્વારા જે પણ કાઈ થયું તેના માટે જવાબદાર છે. અમારુ માનવુ છે કે, ત્રણ ઈઝરાયેલી બંધકો કાં તો હમાસના કબજામાંથી ભાગી ગયા હતા અથવા તો આતંકવાદીઓએ તેમને છોડી દીધા હતા, જેમણે તેઓને બંધક બનાવ્યા હતા.×

## ભારતે યુએનમાં પાકિસ્તાન અને ચીન પર આકરા પ્રહારો કર્યા


આંતરરાષ્ટ્રીય સ્તર પર આતંકવાદના મુદ્દા પર ભારતે અનેકવાર પાકિસ્તાનની બોલતી બંધ કરી છે અને ઘણીવાર પાકિસ્તાનને અપમાનનો સામનો કરવો પડ્યો છે ત્યારે વધુ એક વખતે દ્વમાં આતંકવાદના કારણે ભારતને થયેલા નુકસાનો ઉલ્લેખ કરતા ભારતના રાજદૂત રુચિરા કંબોજે પાકિસ્તાનનુ નામ લીધા વગર જ આકરા પ્રહારો કર્યા હતા. પાકિસ્તાન પોતાની હરકતોથી ક્યારેય બાઝ નથી આવતુ અને ચીન પણ અનેકવાર સરહદો પર અવળચંડાઈ હરકતો કરે છે ત્યારે ભારતે યુએનમાં આ બંને દશોને નામ લીધા વગર જ અરીસો બતાવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની કાયમી પ્રતિનિધિ રુચિરા કંબોજે શુક્રવારે કહ્યું હતું કે આતંકવાદી જૂથો સરહદો પર ડ્રોનનો ઉપયોગ કરીને ગેરકાયદેસર હથિયારોની દાણચોરી કરે છે.

## 'મહાકાલ તો આખા બ્રહ્માંડના રાજા', MPના નવા CMએ તોડી દાયકાઓ જૂની માન્યતા, ઉજ્જૈનમાં કર્યું રાત્રિ રોકાણ



મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ અત્યારથી જ એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. શપથ લીધા બાદ તેઓ બાબા મહાકાલની નગરી ઉજ્જૈન ખાતે તેમના વતન પહોંચ્યા હતા. જ્યાં ઉજ્જૈનની જનતાએ તેમનું દિલથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે ગીતા કોલોની આવેલા પોતાના ઘરે રાત વિતાવીને એક દાયકાઓ જૂની માન્યતાને તોડી નાખી. વાસ્તવમાં પ્રાચીન સમયથી મહાકાલ નગરી ઉજ્જૈનને લઈને એવી માન્યતા છે કે, જો કોઈ રાજા, મુખ્યમંત્રી, વડાપ્રધાન કે જનપ્રતિનિધિ ઉજ્જૈન શહેરની હદમાં રાત વિતાવવાની હિંમત કરે તો તેને આ ગુનાની સજા ભોગવવી પડે છે. એવું કહેવાય છે કે, મહાકાલ નગરીમાં રાજા, મુખ્યમંત્રી, વડાપ્રધાન કે જનપ્રતિનિધિ રાત વિતાવે છે તો તેમને સત્તા ગુમાવવી પડે છે, કારણ કે ઉજ્જૈનના રાજા માત્ર બાબા મહાકાલ જ છે.મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે કહ્યું કે, ત્યારે, આ વખતે મુખ્યમંત્રી મોહન યાદવથી સવાલ પૂછવામાં આવ્યો તો તેમનું કહેવું હતું કે, ઉજ્જૈનનો દીકરો છું અને બાબા મહાકાલ મારા પિતા છે. હું મહાકાલના મુખ્ય સેવક તરીકે કામ કરી રહ્યો છું

## અરવલ્લી : ૪૦ લાખના દારૂ પર બુલડોઝર ફેરવી દીધું,શામળાજી નજીક સેલટેક્ષ ગ્રાઉન્ડમાં ૫ પોલીસ સ્ટેશનમાં ઝડપાયેલ દારૂનો નાશ



રાજસ્થાન રાજ્યને અડીને આવેલ અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી બુટલેગરો વિવિધ વાહનો મારફતે વર્ષે દહાડે કરોડો રૂપિયા નો વિદેશી દારૂ ગુજરાતમાં ઠાલવી રહ્યા છે જીલ્લા પોલીસતંત્ર માટે પ્રાંતીય અને પરપ્રાંતીય બુટલેગરો દ્વારા જીલ્લા માર્ગે ઠલવાતા દારૂની ખેપ નિષ્ફળ બનાવવા સઘન પેટ્રોલિંગ અને બાતમીદારો સક્રિય કરી મોટા પ્રમાણમાં વિદેશી દારૂની ખેપ અને વેપલાને નિષ્ફળ બનાવી રહી છે ત્યારે શામળાજી નજીક આવેલ સેલટેક્ષ ગ્રાઉન્ડમાં જીલ્લાના ૫ પોલીસ સ્ટેશનમાં જપ્ત કરેલ ૪૦ લાખના દારૂ પર બુલડોઝર ફેરવી દઈ નાશ કર્યો હતોઅરવલ્લી જીલ્લાના બાયડ પ્રાંત વિસ્તારમાં આવેલ ધનસુરા, બાયડ,માલપુર, સાઠંબા અને આંબલીયારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે વિવિધ વાહનોમાંથી અને વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો પાસેથી પ્રોહિબિશન એક્ટ હેઠળ ૧૩૪ ગુન્હામાં જપ્ત કરેલ ૪૦ લાખના વિદેશી દારૂની બોટલ-ટીનનંગ-૨૪૫૦ પર શામળાજી સેલટેક્ષ ગ્રાઉન્ડમાં બાયડ પ્રાંત અધિકારી હાર્દિક બેલાણીયા, જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક કે.જે.ચૌધરી અને પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ અને કર્મીઓની ઉપસ્થિતિમાં રોલર ફેરવી દીધું હતું

## મોડાસા શહેર બજાર વચ્ચોવચ આવેલ વણઝારી વાવ આગળ ગંદકીના ઢગ ખડકાયા..



"સ્વચ્છતા હી સેવા "કાર્યક્રમ અંતર્ગત દેશભરમાં સ્વચ્છતાના કાર્યક્રમ યોજાય છે ત્યારે મોડાસા નગરપાલિકાની બેદરકારીના કારણે નગરના હાર્દસમા બજાર વિસ્તારમાં આવેલ વણઝારી વાવ આગળના કેબીનો પાછળ ગંદકીના ઢગ ખડકાયા છે જ્યાં લોકો ખુલ્લેઆમ મુતરડી તરીકે ઉપયોગ કરે છે તેમજ,અહી ભૂંડ,અને ગાયોનો અડીગો બન્યો રહે છે જેના કારણે રોડ પરથી પસાર થતા રાહદારીઓ સ્કૂલે જતા બાળકોને હેરાનગતિ ભોગવવી પડે છે આ અંગે તંત્ર તાત્કાલિક સફાઈ કરાવે તેવી લોક માગ પ્રબળ બનેલ છે

**તંત્રી લેખ......**

# હવે ભારત માટે ઈરાનમાં વિઝા-મુક્ત મુસાફરી

પર્યટન અને વૈશ્વિક કનેક્ટિવિટી વધારવા માટે, ઈરાને ભારતીય નાગરિકો તેમજ અન્ય ૩૨ દેશોના નાગરિકો માટે વિઝા આવશ્યકતાઓને દૂર કરવાની જાહેરાત કરી છે. ઈરાનના પ્રવાસન મંત્રી એઝાતોલ્લાહ ઝરઘામીએ જણાવ્યું કે આ નિર્ણયનો હેતુ ઈરાન વિશેની નકારાત્મક ધારણાઓનો સામનો કરવાનો અને વૈશ્વિક ઘમંડી સિસ્ટમ દ્વારા કાયમી 'ઈરાનોફોબિયા'ને ઘટાડવાનો છે. ઈરાનની વિઝા ફ્રી ટ્રાવેલ પોલિસીમાં સામેલ ૩૨ અન્ય દેશોની યાદીમાં રશિયા, સંયુક્ત આરબ અમીરાત (છઈ), બહેરીન, સાઉદી અરેબિયા, કતાર અને અન્ય ઘણા દેશોનો સમાવેશ થાય છે. ઈરાને આ પગલું પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે ઉઠાવ્યું છે. દેશમાં પ્રવાસીઓની સંખ્યામાં મજબૂત વધારો જોવા મળી રહ્યો છે, જે વર્તમાન ઈરાન વર્ષના પ્રથમ આઠ મહિના દરમિયાન ૪.૪ મિલિયન સુધી પહોંચી ગયો છે. ઈરાનના પ્રવાસન મંત્રાલયે ૬૦ દેશો માટે વિઝા-મુક્ત મુસાફરીની વ્યવસ્થાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જોકે આ દરખાસ્તને સંપૂર્ણ રીતે મંજૂરી આપવામાં આવી ન હતી. ઈરાને ભારત માટે વિઝા ફ્રી કરીને ભારતીય પ્રવાસીઓને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે. ભારતીયો માટે પણ આ ખરેખર અનુકૂળ સાબિત થશે.. મલેશિયા, શ્રીલંકા, થાઈલેન્ડ અને વિયેતનામ જેવા દેશોએ તાજેતરમાં ભારતીય નાગરિકો માટે વિઝા આવશ્યકતાઓને માફ કરી દીધી છે, જે ભારતના વધતા જતા આઉટબાઉન્ડ પર્યટન બજારને પ્રતિબિંબિત કરે છે, જે ૨૦૨૨ માં ૧૩ મિલિયન આઉટબાઉન્ડ પ્રવાસીઓ મેળવવાની અપેક્ષા છે. આ સિવાય ઈરાનીઓને ઉમરાહ માટે સાઉદી અરેબિયા જવાની મંજૂરી આપતી નિયમિત ફ્લાઈટ્સની જાહેરાતથી બંને દેશો વચ્ચેના સંબંધો સુધરી શકે છે. આઠ વર્ષના તણાવ બાદ ઈરાનના નાગરિકો માટે પણ આ મોટી રાહત સાબિત થઈ રહી છે.. ઈરાનની વિઝા-મુક્ત મુસાફરીની યાદીમાં અન્ય ૩૨ દેશોમાં રશિયા, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ), બહેરીન, સાઉદી અરેબિયા, કતાર, કુવૈત, લેબનોન, ઉઝબેકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, ટ્યુનિશિયા, મોરિટાનિયા, તાંઝાનિયા, ઝિમ્બાબ્વે, મોરિશિયસ, સેશેલ્સનો સમાવેશ થાય છે. છે.

# લકી ડ્રોથી જનપ્રતિનિધિ જાહેર કરો!!

યો યો હનીસિંગ ( સાલ્લું વિચિત્ર નામ છે!! ખારી સિંગ જેવું. માણસ પણ વિચિત્ર છે, નહીંતર ઘરવાળી થોડી છૂટાછેડા માંગે?)ના ગીત ' ચાર બોટલ વોડકા, કામ મેરા રોજના' કે ' પાર્ટી અભી શરૂ હુઈ હૈં!'' જેવા રેપ( તમે સમજો એવું ૩૭૫ કે ૩૭૬ કલમના ગુનાની વાત નથી આધુનિક ગીતનો પ્રકાર છે, ભાઈજીને!) ગીતની તર્જ પર નાચતો નાચતો રાજુ રદી તેજસ્વી ટ્રેનની સ્પીડથી મારા ઘરે આવ્યો.

'' મળી ગયો, મળી ગયો, મળી ગયો'' રાજુ બોલ્યો. માનો કે સ્નાનકક્ષમાં આદિમ અવસ્થામાં સ્નાનાદિક ક્રિયા ક્રિયાન્વિત હતી તે દરમિયાન તરતા પદાર્થનો નિયમની શોધ કર્યા પછી વસ્ત્રોના આવરણ વિના આર્કિમિડીઝ અત્યુત્સાહમાં રાજા પાસે ધસી ગયો હતો. રાજાએ વસ્ત્રો ધારણ કરી આવવા આદેશ આપેલો રાજુ આ રીધમમાં બોલ્યો.

''શું મળી ગયું?'' મેં પૂછયું

''ગિરધરભાઈ. રામહાન ઈલાજ મળી ગયો!''રાજુ ઉત્સાહમાં આવી બોલ્યો.

''ઓમિક્રોનનો ઈલાજ?'' મેં પૂછયું

'' ના, ભાઈ ,ના.'' રાજુએ કહ્યું.

રણવીર કપૂર અને આલિયા ભટના લગ્ન નક્કી થઈ ગયા?''

''નોટ એટ ઓલ, સર'' રાજુ ઈસ્ટાઈલથી બોલ્યો.

''૨૦૩૬ ની ઓલિમ્પિકની યજમાની ભારતને મળી?''મેં પૂછયું

''ના'' રાજુએ માત્ર એક અક્ષરમાં પતાવ્યું.

'' ગિરધરભાઈ. આપણો દેશ આઝાદ થયા પછી લોકસભા , વિધાનસભા, રાજયસભા, રાષ્ટ્રપતિ -ઉપ રાષ્ટ્રપતિ , વિધાન પરિષદ, મહાનગરપાલિકા, નગરપાલિકા, જીવેલા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, સહકારી બેંક, એપીએમસી, સ્પોર્ટસ ક્લબ, ક્રિકેટ એસોશિએશન, નવરાત્રિ મહોત્સવ સમિતિ, ચેમ્બર ઓફ કોમર્સ,સોસાયટી, યુનિ.સિન્ડિકેટ વગેરેની ચૂંટણી યોજાય છે. આ ચૂંટણી માટે મતદાર યાદી તૈયાર કરવા, મતદાન કેન્દ્રો બનાવવા, મતદાનના સ્ટાફના નિમણૂક, આચારસંહિતાનું પાલન કરાવવું, આબ્ઝર્વરની નિમણૂક કરવી, પેરામિલિટપી ફોર્સનુ ડિપેલોયમેન્ટ ,મતદાન યોજવું, ગરબડ થાય તો ફરીવાર, ઔર ફરીવાર મતદાન યોજવું, પરિણામ જાહેર કરવું, ઈલેકશન પીટીશન થાય તો કોર્ટમાં હાજર રહેવું. કેટલું બોરિંગ, ટિડિયસ,ટાયરીંગ કામ છે.'' રાજુએ ચૂંટણીનું વિશ્લેષણ કર્યું.

'' રાજુ.ચૂંટણી એ રાષ્ટ્રીય પર્વ છે.તેમાં બધા સ્ટેક હોલ્ડરોની પાંચે આંગળી ઘીમાં છે. ચૂંટણીતંત્ર બંધારણીય ફરજ અદા કરે છે. ન્યુનતમ ખર્ચ કરે છે. તું નહીં માને પણ ૧૯૫૨માં લોકસભાની ચૂંટણી યોજનાનો કુલ ખર્ચ રૂપિયા ૧૦.૪૫ કરોડ થયેલો હતો. દરેક મતદાર દીઠ માત્ર સાંઈઠ પૈસા ખર્ચ થયેલ હતો .જે ૨૯૧૯માં વધીને રૂપિયા ૭૦૦૦ કરોડ થયેલો હતો ! ઉમેદવારો જીતવા માટે પૈસાનું પાણી કરે. ખાટસવાદિયા મંડપ ડેકોરેશન, ખેસ, બિલ્લા, ચોપાનિયા, કેટરિંગના કોન્ટ્રેકટ મેળવી લાખોપતિમાંથી કરોડોપતિ બનવા ઉધામા કરે. ઉદ્યોગશાળા બધા સાથે રાજકીય સંબંધોની તુલા સમતોલ કરવા ચંદા આપે. મતદારો પાંચ વરસે કિંમતી અને અમૂલ્ય ( કિંમતી અને અમૂલ્ય શબ્દો જ પારસ્પરિક વિરોધાભાસી છે!)મતની ચવાણું, કૂકર, સાડી, રોકડ રકમ, પોટલી( કયાં જમાનામાં જીવો છો, ડયુડ? સુદામાના તાંદૂલની પોટલીની વાત નથી. પોટલી એટલે જાનમ સમજા કરો!!)બીડી, બુમલા ( સૂકી માછલી) સ્વરૂપે કિંમત વસૂલે છે. બધી પાર્ટી પાસેથી વસ્તુ લઈ મત જેને આપવો હોય તેને જ આપે છે. આમ, કરપ્ટ હોવા છતાં આપણી લોકશાહીના મૂળિયા ઉંડા અને મજબુત છે!!''મેં લોકશાહીનો મહિમા વર્ણવ્યો.

'' ગિરધરભાઈ . મધ્ય પ્રદેશના અશોક નગર જિલ્લામાં ભટૌલી ગ્રામપંચાયતમાં આ નિલામી કરવામાં આવેલી હતી.સરપંચ પદ માટે ૨૧ લાખથી બોલી શરૂ થઈ છે ૪૪ લાખે પહોંચી હતી. અન્ય ચાર લોકોને હરાવને સૌભાગસિંહ ૪૪ લાખ રૂપિયાની બોલી લગાવીને આ પદ જીતી ગયો હતો. જોકે બીજી તરફ સ્થાનિક પ્રશાસનના અધિકારીએ આ પદ માટે થનારી ચૂંટણીમાં ઉમેદવારીપત્રક દાખલ કરવાથી લઈને તમામ પ્રક્રિયા પાળવી પડશે એવું કહ્યું હતું.સરપંચના પદ માટે કોઈ વિવાદ થાય નહીં તેની ખાતરી કરવામાં આવશે. આ પદ્ધતીએ ઉમેદવાર મત જીતવા માટે દારૂ અને પૈસા વહેંચવાનો કિમિયો અજમાવે નહીં એવો દાવો ગામના સ્થાનિકોએ કર્યો છે. સોભાગ સિંહે જણાવ્યું કે, સરપંચ પદ માટે બોલવામાં આવેલી બોલીની રકમનો ઉપયોગ ગામના વિકાસ કાર્યોમાં થશે. ગામમાં રસ્તા, પાણી અને અન્ય જે પણ જરૂરી કામ હશે તેને પૂરા કરવામાં આવશે. જ્યારે મંદિર બનાવવા માટે પણ પૈસાનો ઉપયોગ થશે. ગ્રામ પંચાયત ભટોલીમાં ત્રીજા તબક્કાનું મતદાન થવાનું છે, પરંતુ તે પહેલાં જ અહીં ગ્રામીઓએ પોતાના સરપંચ ચૂંટી લીધા છે.

જો નક્કી થયા મુજબ ઉમેદવાર ૪૪ લાખ રૂપિયા જમા કરાવવામાં નિષ્ફળ રહેશે તો તેના સૌથી નજીકના હરીફને આ પદ આપવા માટે વિચાર કરવામાં આવશે.

દતિયા જિલ્લામાં પણ જોવા મળ્યો આવો જ મામલોભટોલી ગામ પહેલું એવું ગામ નથી જ્યાં સરપંચ પદ માટે બોલી લગાડવામાં આવી હોય. આ પહેલાં દતિયા જિલ્લાના એક ડઝન ગામોમાં આ રીતે સરપંચ પદ માટે બોલી લગાવીને પસંદગી કરાઈ હતી. ગ્રામીણોનું કહેવું છે કે તે બિનજરૂરી ખર્ચાઓને રોકી રહ્યાં છે. તેમજ સર્વસંમતિવાળી પ્રાચીન પરંપરાનું અનુકરણ કરે છે. તેનો ચૂંટણી પંચ સાથે કોઈ સંબંધ નથી. તેઓ ઉમેદવાર પાસેથી મળનારી રકમનો ઉપયોગ ગામના વિકાસ માટે કરશે.'' રાજુએ કહ્યું.

'' રાજુ ચૂંટણી જીતી ગયા પછી વિજેતાઓ મંત્રીપદ કે રૂપિયાની લાલચે પક્ષનો વાડો કૂદીને સામેના વાડામાં
જતા રહે છે.પરિણામે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ફારસ બની રહે છે.ભટૌલી ગામે નવી દિશા દેખાડી છે. ચૂંટણીમાં ઉત્ક્રાંતિ થવા જઈ રહી છે. આરટીઓ પસંદગીના નંબરે માટે હરરાજી કરે છે. દેરાસરમાં પણ ઉછામણી થાય છે. જમીનના પ્લોટની હરરાજી થાય છે. ભંગારનો પણ બોલી લગાવી નિકાલ કરવામાં આવે છે. આઈપીએલમાં ખેલાડી ઘેટાબકરાની જેમ વેચાય છે. તમામ ચૂંટણીમાં બોલી લગાવી એમએલએ કે એમપી કે મેયર પસંદ કરવાથી એટલે કે સમરસ થવાથી ચૂંટણીના કાવાદાવા ,વેરઝેર ખત્મ થશે. સરકારને ચૂંટણી યોજવા ખર્ચ કરવો પડશે નહીં અને પાર્ટી કે ઉમેદવારને પણ રૂપિયા બગાડવા પડશે નહીં. માનવસંશાધનનોની બચત થશે. સરકારને આવક થશે એ નફામાં!! '' મે અદ્ભૂત યોજના રજૂ કરી.

'' ગિરધરભાઈ. એક આવી સ્કીમ પણ વિચારવી જોઈએ. ધારો કે લોકસભાની ચૂંટણી કરવી છે. ઉમેદવારી કરવા ઈચ્છતા ઉમેદવારે પચાસ લાખ રૂપિયાનું કુપન ખરીદ કરવાનું. પંદર દિવસ કુપનો વેચવાના. સોળમાં દિવસે લકી ડ્રો કરવાનો. જેનો નંબર આવે તે ધારાસભ્ય , મેયર કે સંસદસભ્ય.ન રહેગા બાંસ ન રહેગી બાંસુરી. સરકારને કાણી પાઈ વાપર્યા સિવાય અબજોની આવક થશે!!'' રાજુએ અભિનવ યોજના તરતી મુકી. જોઈએ શું થાય છે!!!

ભરત વૈષ્ણવ...

# સામાજિક પ્રસંગો માં જરૂરી સુધારો જરૂરી

ઔરંગાબાદ શહેરના જૈન સમાજે ગત રવિવારે એક સારો નિર્ણય લીધો હતો કે કોઈપણ જૈન સમાજના લગ્નમાં ૬ થી વધુ વાનગીઓ હોય તો વર-કન્યાને માત્ર આશીર્વાદ આપવા પણ તે લગ્નમાં ભોજન ન કરવું જોઈએ, અને પછી ગઈકાલે આને અનુસરીને, અગ્રવાલ સમાજે પણ ઉપરોક્ત નિર્ણયનો અમલ કરવાનો નિર્ણય લીધો છે. સાથે સાથે લગ્નના કાર્ડ ન છપાવવા પરંતુ માત્ર વોટ્સએપ અને ફોન દ્વારા જ આમંત્રણ મોકલવામાં આવે તેવો નિર્ણય પણ લીધેલ છે વધુમાં ખાસ નિર્ણય એ પણ છે કે લગ્ન પહેલાના અને સંગીતના કાર્યક્રમો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ઉપરોક્ત બંને સમાજો (જૈન અને અગ્રવાલ) આર્થિક રીતે મજબૂત છે પરંતુ તેઓએ ઉપરોક્ત નિર્ણયો લીધો તે બદલ બંને સમાજને અભિનંદન. આપણે ક્યારે બદલાઈશું, આપણે સગપણમા લગ્ન જેટલો ખર્ચો કરવા માંડ્યા છીએ, ક્યારેક લગ્નની ઉજવણી માટે લોન લઈએ છીએ, હવે આપણે ચોક્કસ બદલવું પડશે.

નોંધ :- આદર્શ અને અનુકરણીય નિર્ણયનું હૃદયપૂર્વક સ્વાગત કરો . અને તમામ જાતિ અને સંપ્રદાય આ નિર્ણયને અનુસરે .સમાજે લગ્નવિધિને લગ્ન સંસ્કારમાં રૂપાંતરિત કરવી જોઈએ. થોડા દિવસો પહેલા, કોરોના વાયરસના કારણે, સરકારે લગ્ન અને કાર્યક્રમોમાં હાજરી મર્યાદિત કરી હતી, પરંતુ લોકો તેને ભૂલી ગયા અને લાખો કરોડો રૂપિયા ખર્ચવા લાગ્યા.

આપણે બિનજરૂરી રીતે લાખો રૂપિયાની ઉથલ પાથલ કરી રહ્યા છીએ અને દેવામાં ડૂબી જઈએ છીએ, આપણે હવે બદલાઈ જવું જોઈએ. નહિ તો સમય તમને માફ નહિ કરે.

૧) ખેતીની આવક દિવસેને દિવસે ઘટી રહી છે.

૨) કૃષિ પેદાશોના કોઈ ભાવ નથી.

૩) વધુ સરકારી નોકરીઓ રહી નથી .

૪) ખાનગી નોકરીમાં કોઈ સુરક્ષા નથી.

૫) છોકરીના લગ્નનો ખર્ચ જો ૧૦૦ રૂપિયા છે, તો છોકરાના લગ્નનો ખર્ચ પણ ૮૦ રૂપિયા છે.

૬) આપણે દેવામાં જન્મ્યા છીએ, દેવામાં ઉછરીએ છીએ અને દેવામાં જ મરીએ છીએ.કેટલીક પેઢીઓ વીતી ગઈ છે.કમસે કમ હવે આપણી આંખ ખુલવી જોઈએ.

૭) લગ્ન એ કોઈ વિધિ નથી પણ સંસ્કાર છે.

૮) લગ્ન ગમે તેટલા મોટા હોય પણ લોકો તેને ભૂલી જાય છે અત્યાર સુધી કોઈને મોટા લગ્ન કરવા બદલ એવોર્ડ મળ્યો નથી

૯) અમે ખેતર વેચીને ગુંઠામાં આવ્યા , જયારે વેપારી એક દુકાનમાંથી ચાર દુકાનો ચલાવે છે. વેપારી વર્ગને વગોવવા કરતાં તેનું અર્થશાસ્ત્ર સમજવું જોઈએ.

૧૦) ઈર્ષ્યાને બદલે તંદુરસ્ત સ્પર્ધા હોવી જોઈએ.

૧૧) ભાઈઓ વચ્ચે કોઈ દેખાદેખી ન હોવી જોઈએ. તેમાં લગ્ન પ્રસંગે તો ખાસ.

૧૨) વર અને કન્યાએ હંમેશા ઉપયોગી થાય તેવા પોશાક લેવા જોઈએ.

૧૩) વરની માતાએ પણ રિસામણા મનામણાં ન કરવા જોઈએ. તેમને પણ એક દીકરી છે તે ભૂલવું ન જોઈએ . પુત્રવધૂ તમારી પુત્રી છે જે આવતીકાલે તમારી સંભાળ લેશે. એવી લાગણી થવી જોઈએ.

૧૪) ખાવા-પીવાની પદ્ધતિ બંધ કરીને અને ખર્ચમાં ઘટાડો કરીને વર-કન્યાની ભાવિ પ્રગતિમાં ફાળો આપો.

૧૫) વાસણો/ફર્નીચર જે જિંદગીમાં ક્યારેય ઉપયોગી નથી થવાના તે વસાવવા ન જોઈએ.

૧૬) પીઠિ , મહેંદી, લગ્ન ના પ્રસંગોમાં ભીડ જમા ન કરવી. સ્વાગત સમારોહમાં સાદગી લાવવી.

૧૭) ક્રિકેટ ૫ -દિવસીય ટેસ્ટ મેચ ,'૬ઁ અને તેમાંથી ૨૦-૨૦ થઈ ગયું. તો શા માટે આપણે લગ્નને નાનું/વ્યવસ્થિત ન બનાવીએ?

૧૮) માત્ર થોડા જ લોકોની હાજરીથી બધા મહેમાનો સાથે આરામથી વાતચીત કરી શકાય .

૧૯) લગ્નના કાર્ડની કિંમત બચાવ્યા પછી, લગ્નનું કાર્ડ વોટ્સએપ દ્વારા મોકલવું અને કાર્ડ મોકલ્યા પછી, સંબંધિત વ્યક્તિને ફોન કરીને આમંત્રણ આપવું.

૨૦) કોઈપણ જાતિ અને ધર્મની સારી બાબતો સ્વીકારવી જોઈએ.

૨૧) દરેક વ્યક્તિએ સમાજને સુધારવા માટે એક પગલું આગળ વધવું જોઈએ.

ચાલો સુધારાની શરૂઆત આપણાથી કરીએ! ધીરે ધીરે સમગ્ર સમાજ બદલાશે અને એક દિવસ સમાજ ૧૦૦ % પ્રગતિ કરશે!

ફક્ત વાંચશો નહી...!

તમે પણ વિચારો...!

(આ સંદેશ સમાજના દરેક વ્યક્તિ સુધી પહોંચાડો.)

## એક ગીત દીકરી ને સમર્પિત...

ચકુડી મારી પારણીયે ઝૂલે રે;
ઝૂલાવે માવડી એની એને.
ચકુડી મારી...........

ચકુડી તને રમકડાં લઈ આપું,
રમતી રમતી લાગે વ્હાલી.
ચકુડી મારી. ..........

ચકુડી મારી કાળજાની કેરી કટારી,
તું મારા રુદિયાનો ધબકારો.
ચકુડી મારી. .........

ચકુડી તને નાવણીયા નવરાવું,
રુપ તારું પરીઓ સમુ ભાસે.
ચકુડી. મારી. .........

ચકુડી મારી લક્ષ્મીનો અવતાર,
એના આગમનને વધાવો.
ચકુડી મારી. ...........

ચકુડી તું તો પ્રેમ કેરી સરવાણી,
બાપુની ઢાલ બનીને રહી તી.
ચકુડી મારી. ...........

"મોજીલો" માસ્તર (પાટણ )

## ગઝલ- બેઠો..

સ્વપ્નો આજ સજાવી બેઠો,
તીક્ષ્ણ ધાર કઢાવી બેઠો.

કામો સેવાનાં જ કર્યા મેં,
શ્રેષ્ઠ ફરજ બજાવી બેઠો.

ડુબકી મારી માંહે અદભૂત,
અંતર જ્યોત જગાવી બેઠો.

રાખ્યું મોં લાલ તમાચાથી,
સજ્જળ હાર પચાવી બેઠો.

માન્યું ના મન અભિનયથી એ,
લાલી લાલ લગાવી બેઠો.

રાખ્યો ભાવ મેં એના તરફી,
અઢળક માન અપાવી બેઠો.

લાવી રંગ મહેનત પણ 'દિન',
આસન આમ તપાવી બેઠો.

દિનેશ સોની, દિન, (રાપર-કચ્છ)

## ડરતા નથી

પ્રેમપ્યાલો લાગે હોઠે તે કદી ખાલી રહેતો નથી
ધીરજના હોય જે જામ તે કદી છલકાતા નથી
મહેનત કરનારા કદી જીવનમાં હારતા નથી
આશાના સૂરજ ઉગે પછી તે કદી આથમતા નથી
આતો ક્યારેક ક્યારેક ઝંઝાવાત આવી જાય છે જીવનમાં
સાચાં અડગ માનવી જે કદી ઝંઝાવાત થી ડરતા નથી
સમસ્યા તો દરેકને આવે છે જીવનમાં પરવેઝ
સમસ્યાનાં પહાડોથી અમે કદી પણ ડરતા નથી
પરવેઝ વડનગરી

## લાગે છે.

પવન દ્વાર જ્યાં ખખડાવવા લાગે છે,
હદયને તો આ તારા જ પગરવ લાગે છે.

તું અહીં નથી એવું નથી લાગતું મને,
ફૂલમાં સુવાસ થઈ તુજ મળતી લાગે છે.

જરા પણ શુષ્ક ક્યાં થવા દે યાદ વાદળો,
વરસે તું વર્ષા થઈ, રોમરોમ મળતી લાગે છે.

તું ત્યાં કે હું અહીં એવું ક્યાં લાગે છે કદી,
હદય મારું ને ધડકન તું એકસાથ લાગે છે.

આત્મ દ્વાર અદ્વૈત ખુલ્લા રાખ્યાં છે સદા,
તારી ને મારી આરપાર અવરજવર લાગે છે.

- ભરતસિંહ જેઠવા(માધાપર કચ્છ )

**કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ડાંગ જિલ્લામાં કરોડોનો ભષ્ટ્રાચાર**

# ડાંગમાં ગરીબ લાભાર્થીઓ પાસેથી ઓડિટનાં નામે હપ્તાદીઠ રૂ.૧૫૦૦ની લુંટ




## તાલુકા પંચાયતનાં કર્મચારી કે ગામનાં સરપચ આવાસનાં લાભર્થીઓ પાસેથી હપ્તા માંથી રૂપિયાં ખંખેરી રહયાં છે

આહવા.

ડાંગ જિલ્લો સંર્પુણ આદિવાસી જિલ્લો છે અહિંનાં લોકો સદીઓથી કાંચા ધાસ નાં તેમજ નળિયાનાં વાળા ઝુંપડાઓમાં રહેતાં આવ્યાં છે વાવાઝોડા-તોફાનો માં આ કાંચા ઝુંપડા મકાનોને મોટાપાયે નુકશાની થાય છે તેમજ ડાંગનો આદિવાસી બંધુ પણ પાકા મકાન માં રહે તેવા આશ્રયએ દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના અમલ માં મુકી છે જેમાં ગામડાઓમાં ત્રણ હપ્તાપેટે આવાસનાં લાભાર્થીને કુલ-૧.૬૦.૦૦૦ રૂપિયા આપવામાં આવે છે

પ્રધાનમંત્રી આવાસ યોજનાં હેઠળ ડાંગ જિલ્લામાં વર્ષ-૨૦૨૨-૨૦૨૩ માં કુલ-૩૯૦૮ આવાસ મંજુર કરવામાં આવ્યાં હતાં જેમાં સુબીર તાલુકા માં ૯૬૪ આવાસ,આહવા તાલુકામાં ૨૦૫૧ આવાસ અને વધઈ તાલુકા માં ૮૯૩ આવાસ મંજુર થયાં હતાં જે આવાસ નાં પ્રથમ હપ્તા કુલ-૩૮૯૧ આવાસ લાભાર્થીઓને રૂ.૧૧૬૭૩૦૦૦૦ ચુકવવામાં આવ્યાં છે બીજા હપ્તાનાં ૨૫૭૯ આવાસનાં લાભાર્થીઓને રૂ.૨૦૬૩૨૦૦૦૦ ચુકવાયાં છે જયારે ત્રીજા હપ્તાં કુલ-૪૪૯ લાભાર્થીઓને કુલ-રૂ.૪૪૯૦૦૦૦ ચુકવવામાં આવ્યાં છે

પ્રધાનમંત્રી આવાસ હેઠળ ડાંગ જિલ્લામાં વર્ષ-૨૦૨૨-૨૦૨૩ માં કુલ-૩૯૦૮ આવાસ મંજુર કરવામાં આવ્યાં હતાં જેમાં સુબીર તાલુકા માં ૯૬૪ આવાસ,આહવા તાલુકામાં ૨૦૫૧ આવાસ અને વધઈ તાલુકા માં ૮૯૩ આવાસ મંજુર થયાં હતાં જે આવાસ નાં પ્રથમ હપ્તા કુલ-૩૮૯૧ આવાસ લાભાર્થી છે બીજા હપ્તાનાં ૨૫૭૯ આવાસનાં લાભાર્થીઓ છે અને ત્રીજા હપ્તાં કુલ-૪૪૯ લાભાર્થીઓ છે વર્ષ-૨૦૨૨-૨૦૨૩ માં પહેલો,બીજો અને ત્રીજો હપ્તો મળી કુલ-૬૯૧૯ હપ્તાની સંખ્યા થાય છે જેમાં ડાંગ જિલ્લાનાં આહવા,વધઈ અને સુબીર તાલુકામાં હપ્તાદીઠ રૂ.૧૫૦૦ લેવામાં આવે છે તો કુલ-૬૯૧૯ હપ્તા તથા રૂ.૧૫૦૦ હપ્તાદીઠ લેવામાં આવે તો તેનો આંકડો રૂ.૧૦,૩૭,૮૫૦૦ ગણવામાં આવે તો પ્રધાનમંત્રી આવાસનાં ડાંગ જિલ્લાના લાભાર્થી પાસેથી લુંટાયેલો આંકડો કરોડોને આબી જાય છે

કેન્દ્રની મોદી સરકારનો ઊમદા હેતું છે જેમનું કાચું છે તથા ઘર વિહોણાને પાંકુ સુરક્ષિત આવાસ મળે તે માટે પ્રધાનમંત્રી યોજના હેઠળ લાભાર્થીદીઠ લાખો રૂપિયા ફાળવી પાંકુ આવાસ ફાળવવામાં આવે છે પરંતુ ડાંગ જિલ્લાનાં ભષ્ટ્ર રાજકારણીઓ અને તેમની સાથે એજ થાળી માં બેસી જમતાં ભષ્ટ્ર અધિકારીઓ આવાસ મંજુર થવાથી લઈ આવાસનું બાધકામ પુર્ણ થાય ત્રીજા હપ્તા સુધી હપ્તાદીઠ લોહી ચુંસે છે ડાંગ જિલ્લા વિકાસ અધિકાર અને ગ્રામ વિકાસ નિયામક આવા ભષ્ટ્ર અધિકારી અને કર્મચારી સામે સખત પગલાં ભરે તે જરૂરી છે

**સિધ્ધપુર તાલુકામાં ૨૬ નવેમ્બરના કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન બદલ**

# સર્વે કરી વળતર ચૂકવવા કેબીનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતની ભલામણ

સિધ્ધપુર તાલુકામાં ૨૬ નવેમ્બરના કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન બદલ સર્વે કરી વળતર ચૂકવવા કેબીનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતની ભલામણસિધ્ધપુર તાલુકામાં ૨૬ નવેમ્બરના કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન બદલ સર્વે કરી વળતર ચૂકવવા કેબીનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતની ભલામણ ગત નવેમ્બર મહિનાની ૨૬ તારીખે ગુજરાત સહ અન્ય વિસ્તારોમાં થયેલ વાવાઝોડા સાથેના કમોસમી વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન થવા પામેલ છે સિદ્ધપુર તાલુકા કિસાન સંઘના પ્રમુખ પ્રહલાદભાઈ પટેલ તેમજ ખેડૂત આગેવાનોએ વરસાદથી સિદ્ધપુર તાલુકાના ખેડૂતોને એરંડા સહ વિવિધ પાકોમાં નુકસાન બદલ કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતને રજૂઆત કરતાં કેબિનેટ મંત્રી રાજપૂતે આ બાબતને ગંભીર ગણી રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર લખી વાવાઝોડા સાથે કમોસમી વરસાદથી સિદ્ધપુર તાલુકાના ખેડૂતોને ભારે નુકસાન થયેલ



હોઈ આ બાબતે સર્વે કરાવી થયેલ નુકસાનનુ ખેડૂતોને વળતર ચૂકવવા ભલામણ કરેલ છે

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NOG SS NO :149
વિષય : નસીબ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૯૦
શીર્ષક : નસીબની વાત છે



પહેલી વાત તો એ છે કે નસીબ એટલે શું? તો કહે ભાગ્ય, લેખ, કિસ્મત વગેરે વગેરે. સામાન્ય રીતે માણસ પોતાના નસીબને દરેક બાબતમાં દોષ આપે છે. પણ જીવનમાં હરેક કાર્યમાં સફળ થવા માટે પુરુષાર્થ, પરિશ્રમ કરવો પડે છે.

તમે કોઈપણ કાર્ય પુરુષાર્થથી કરશો તો અવશ્ય તમને સફળતા મળશે જ. નસીબમાં કાંઈ સારું કે ખરાબ હોતું નથી એ બધું આપણા કર્મ પર આધારિત છે. તમે જેટલી મહેનત કરશો એ જ પ્રમાણે તમને ફળ મળશે. આંબો વાવશો તો જ કેરી ખાવા મળશે, બાવળ વાવશો તો તમને કાંટા જ વાગવાના છે.

હાલમાં જ બનેલી એક ઘટનાની વાત કરું છું. એક જ માતાના ત્રણ ત્રણ દીકરાઓ ના પિતા મૃત્યુ પામ્યા, બધા ક્રિયા પાણી પતી ગયા પછી સવાલ એ ઉભો થયો હતો કે માતાને કોણ રાખશે?

ત્રણે ભાઈઓએ માતાને રાખવા માટેની વાત માટે મીટીંગ કરી હતી. હું તો આવાત સાંભળીને અવાક બની ગઈ, મારા તો પગ નીચેથી જમીન સરકી ગઈ, વાહ રે ઘોર કળયુગ આવ્યો એવું હવે લાગ્યું મને સાચા અર્થમાં.

વાહ ઉપરવાળા તારો પણ જવાબ નથી કે તે? આ છોકરાઓને કેવી બુદ્ધિ આપી? આવા કપૂતો ના આપ્યા હોત તો સારું થાત! એના કરતા તો તેં એ માતાને વાંઝણી રાખી હોત તો સારું,

જે માતાએ પેટે પાટા બાંધી ત્રણ ત્રણ દીકરાઓને નાના ઘરમાં ગમે તે પરિસ્થિતિમાં પણ મોટા કર્યા, ઉછેર્યા, ભણાવ્યા ગણાવ્યા, પરણાવ્યા ને ઠેકાણે પાડ્યા એ છોકરાઓના ઘરમાં એક માતાની જગ્યા નથી.

જે માતાએ પોતે ભૂખી રહી એમને ખવડાવ્યું, પોતે ભીના માં સુઈ એમને સુકામા સૂવડાવ્યા, લાડકોડથી હાલરડા ગાયા, જુદી જુદી બાધાઓ કરી એમના માટે કેટ કેટલી દુવાઓ કરી ને આજે એ છોકરા જ્યારે માતાને એમની જરૂર છે ત્યારે સાથે રાખવા પણ તૈયાર નથી.

? શું આપણા ભારત દેશના, આપની આર્ય સંસ્કૃતિના સંસ્કાર કહેવાય ? મને તો સાંભળીને પણ ધ્રૃણા ઉત્પન્ન થાય છે, તો વિચાર કરો કે જે માતા નો પતિ ૧૫ દિવસ પહેલા એનો સાથ છોડીને ગયો છે ને એ માતાને રાખવા માટે કોઈ તૈયાર નથી, આને મારે નસીબ કહેવું કે પછી કિસ્મતનો ખેલ કહેવો, આવી છે નસીબની વાત....

પલ્લવી જોષી. સરિતા, વડોદરા

# આજે સુરત શહેર દુનિયાના સૌથી ઝડપથી આગળ વધતા ટોપ -૧૦ શહેરોમાં સામેલ છે. : શ્રી નરેન્દ્રભાઈ મોદી

**આજરોજ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સુરત શહેરનું અત્યાઆધુનિક એરપોર્ટ અને વિશ્વની સૌથી મોટી ઓફિસ હબ ડાયમંડ બુર્સનુ લોકાર્પણ કરી સુરતને વિકાસની નવી ઉડાન અર્પણ કરી અર્થવ્યવસ્થાની ચમક વધારી.**

----

**વિશ્વના સૌથી મોટા હીરાબજાર ડાયમંડ બુર્સમાં ૧૫ માળવાળા ૯ ટાવર,૧૩૧ લિફ્ટ,૪૫૦૦ થી વધુ ઓફિસ,૪ હજારથી વધુ સીસીટીવીનો સમાવેશ થકી સુરતની ચમક વધારી.**

----

**આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.**

----

**સુરત પાસે ઇતિહાસનો અનુભવ, વર્તમાનમાં રફતાર અને ભવિષ્યની દુરંદેશી તેનું નામ સુરત, સુરત કામમાં લોચો મારે નહી અને ખાવામાં લોચો છોડે નહી. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**સુરતના લોકો મોદીની ગેરેંટીને પહેલાથી ઓળખે છે. સુરતના પરિશ્રમ કરનાર લોકોએ મોદીની ગેરેંટીને સાચી થતા જોઇ છે તે જ ગેરંટીનું ઉત્તમ ઉદાહરણ ડાયમંડ બુર્સ પણ છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**આજે સમગ્ર વિશ્વમાં ભારતની ચર્ચા થઇ રહી છે મેક ઇન ઇન્ડિયા એક મોટી બ્રાન્ડ બની છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**આજે સુરત શહેરની ભવ્યતામાં એક વધુ ડાયમંડ જોડાયો છે. ડાયમંડ પણ નાનો મોટો નથી પણ એ તો દુનિયાનો સર્વશ્રેષ્ઠ છે. હવે દુનિયામાં કોઇ પણ ડાયમંડ બુર્સનું નામ લેશે તેમાં સુરતના નામ સાથે ભારતનું નામ પણ આવશે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**વિકાસની રાજનીતી શું કહેવાય અને વિકાસ કેવો હોવો જોઇએ તે દેશને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અનુભુતિ કરાવી છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

----

**અત્યાર સુધી મોદી હૈ તો મુમકીન હૈ તેમ કહેવાતુ હતુ અને હવે વિકાસની ગેરંટી એટલે મોદી તેવો વિશ્વાસ દેશવાસીઓને મક્કમ થયો છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

----

**૨૦૨૪માં દેશની જનતાનો ભરોસો પ્રસ્થાપિત કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ત્રીજી વખત વડાપ્રધાન બનશે તે નિશ્ચિત છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, જેમના નેતૃત્વમાં ગુજરાત સહિત દેશભરમાં વિકાસના કાર્યોના નવા નવા આયામો સર કરી ભારતને વિશ્વ સમક્ષ નવી ઓળખ આપનાર તેમજ ન માત્ર ભારતના પણ વિશ્વના લોકપ્રિય નેતા છે કે જેમના માટે દેશના ગરિબો ઈશ્વર સમાન છે તેવા ગુજરાતના પોનાતાપુત્ર અને દેશના પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આજે રૂ.૩૪૦૦ કરોડના ખર્ચે ૩૫.૫૪ એકરની વિશાળ જગ્યામાં નવનિર્મિત વિશ્વના સૌથી વિશાળ કોર્પોરેટ ઓફિસ હબ સુરત ડાયમંડ બુર્સ તેમજ આધુનિક સુવિધાથી સજ્જ સુરત એરપોર્ટના નવા ટર્મિનલનું લોકાર્પણ કરી સુરતની ચમક વિશ્વભરમાં ચમકાવી દીધી છે. લોકાર્પણ પહેલા એરપોર્ટથી ડાયમંડ બુર્સ સુધીના માર્ગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો ભવ્ય રોડ-શો યોજાયો હતો. રૂટ દરમિયાન દેશના પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને રૂડો આવકાર આપવા માટે ઢોલ-નગારા,નૃત્ય સહિતના આશરે વિવિધ ૬ સ્વાગત પોઇન્ટ બનાવ્યા હતા જેમા મહિલાઓ,બાળકો સહિત વિવિધ સમાજના આગેવાનોએ વડાપ્રધાનશ્રીને આવકાર્યા હતા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જનતાનું અભિવાદન ઝીલ્યું હતું. આ કાર્યક્રમમાં અગ્રણી હિરા ઉદ્યોગપતિ અને સુરડ ડાયમંડ બુર્સના ચેરમેન શ્રી વલ્લભભાઇ લાખાણીએ પ્રાસંગીક સંબોધન કર્યુ હતું. સુરત ડાયમંડ બુર્સ બનાવવાનો ઉદેશ ભારતમાંથી હીરા, જેમ્સ અને જ્વેલરીની આયાત અને નિકાસના વેપારને પ્રોત્સાહન આપવાનો છે આ અંગે અગ્રણી હીરા ઉદ્યોગપતી અને બુર્સના ડિરેક્ટરશ્રી લાલજીભાઇ પટેલે માહિતીગાર કર્યા હતા. આ




કાર્યક્રમમાં પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંબોધનની શરૂઆતમાં હળવી શૈલીમાં જણાવ્યું કે, સુરત પાસે ઈતિહાસનો અનુભવ, વર્તમાનમાં રફતાર અને ભવિષ્યની દુરંદેશી તેનું નામ સુરત, સુરત કામમાં લોચો મારે નહી અને ખાવામાં લોચો છોડે નહી.આજે સુરત શહેરની ભવ્યતામાં એક વધુ ડાયમંડ જોડાયો છે. ડાયમંડ પણ નાનો મોટો નથી પણ એ તો દુનિયાનો સર્વશ્રેષ્ઠ છે. હવે દુનિયામાં કોઇ પણ ડાયમંડ બુર્સનું નામ લેશે તેમાં સુરતના નામ સાથે ભારતનું નામ પણ આવશે. ડાયમંડ બુર્સની ઈમારત નવા ભારતના નવા સામર્થ્ય અને નવા સંકલ્પનું પ્રતિક છે. સુરત ડાયમંડ બુર્સ માટે ડાયમંડ ઈન્ડસ્ટ્રી ગુજરાત અને દેશને અભિનંદન.

શ્રી મોદીજીએ વધુમાં જણાવ્યું કે, હવે સુરત એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો મળી ગયો છે સુરતીઓની વર્ષો જુની માંગણી આજે પુરી થઇ છે. સુરત નું પહેલાનું એરપોર્ટ જોઇને લાગતુ કે બસ સ્ટેશન સારુ કે એરપોર્ટ અને આજે કયાંથી કયા પહોંચી ગયા તે સુરતનું સામર્થ્ય બતાવે છે. ગુજરાતમાં હવે ૩ ઈન્ટરનેશનલ એરપોર્ટ બન્યા છે. ડાયમંડ સાથે ટેક્સાઈલ,ટુરિઝમ, એજ્યુકેશન અને સ્કીલ સહિત દરેક ક્ષેત્રને લાભ મળશે. સુરતે શિખવાડ્યુ છે કે જયારે દરેકનો સાથે મળી પ્રયાસ થાય ત્યારે મોટામાં મોટી સમસ્યાને દુર કરી શકીએ છીએ. એક સમયમાં દુનિયાના સૌથી મોટા સમુદ્રી જહાજ સુરતમાં જ બનતા હતા. સુરતના ઈતિહાસમાં ઘણી વાર મોટી મોટી સમસ્યા આવી છે જ્યારે એક સાથે મળી સમસ્યાથી બહાર નિકળ્યા છીએ. આજે સુરત શહેર દુનિયાનું સૌથી ઝડપથી આગળ વધતા ટોપ -૧૦ શહેરોમાં સામેલ છે. ક્યારેક સુરતની ઓળખ સન સીટીની હતી પરંતુ અંહીના લોકોએ મહેનત કરી ડાયમંડ સિટી, સિલ્ક સિટી બનાવ્યું પછી બ્રીજ સીટી અને આજે લાખો યુવાનો માટે સુરત ડ્રિમ સીટી છે. આજે સુરત આઈટીનાક્ષેત્રે આગળ વધી રહ્યુ છે. સુરતને ડાયમંડ બુર્સની મોટી બિલ્ડીંગ મળવુ તે એક ઐતિહાસીક ક્ષણ છે.

શ્રી મોદીજીએ વધુમાં જણાવ્યું કે, સુરતના લોકો મોદીની ગેરેંટીને પહેલાથી ઓળખે છે. સુરતના પરિશ્રમ કરનાર લોકોએ મોદીની ગેરેંટીને સાચી થતા જોઇ છે તે જ ગેરંટીનું ઉત્તમ ઉદાહરણ ડાયમંડ બુર્સ પણ છે. સુરત ડાયમંડ બુર્સમાં દરેક પ્રકારનો વેપાર એક જ છત નીચે સંભવ થયો છે. સુરત ડાયમંડ બુર્સ વન સ્ટોપ સેન્ટર છે અંહી ઈન્ટરનેશનલ બેંન્કિંગ , જ્વેલરી મોલ, છે અને દોઢ લાખ લોકોને રોજગારી મળવાની સંભાવના છે. સુરતે ગુજરાત અને દેશને ઘણુ આપ્યું છે અને સુરતમાં આનાથી પણ વધુ સામર્થ્ય છે. ભારત આજે દુનિયાની ૫મી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી રહ્યુ છે. મોદીની ગેરેંટી છે કે ત્રીજી ટર્મમાં ભારત દુનિયાની ત્રીજી આર્થિક વ્યવસ્થા પ્રાપ્ત કરશે તેવો વિશ્વાસ છે. દેશના એક્સપોર્ટને પણ રેકોર્ડ ઉંચાઇ પર લઇ જવા કામ કરી રહ્યા છીએ. આજે વિશ્વનો માહોલ ભારતની તરફેણમાં છે આજે સમગ્ર વિશ્વમાં ભારતની ચર્ચા થઇ રહી છે મેક ઈન ઈન્ડિયા એક મોટી બ્રાન્ડ બની છે. શ્રી મોદીજીએ વધુમાં જણાવ્યું કે, સુરતને વેપાર-ધંધાને નવી તકો માટે આધુનિક કનેક્ટીવીટી મળી રહી છે દેશભરમાં આધુનિક કનેકટીવીટી મળતુ શહેર જો હોય તો સુરત એક માત્ર શહેર છે અને સુરત આગળ વધશે તો ગુજરાત આગળ વધશે અને ગુજરાત આગળ વધશે તો દેશ આગળ વધશે. મોદી સાહેબે મુખ્યમંત્રીને જણાવ્યું કે, નર્મદ યુનિવર્સિટી જુદી જુદી ભાષામાં એન્ટરપ્રિન્યોર તૈયાર કરવા કોર્ષની શરૂઆત કરે જેથી એન્ટરપ્રિન્યોર નું કામ આપણા યુવાનોને મળે. આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, વિકાસની રાજનીતી શું કહેવાય અને વિકાસ કેવો હોવો જોઇએ તે દેશને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈમોદી સાહેબે અનુભુતિ કરાવી છે.

# નારીને નારાયણી તરીકે સંબોધવામાં આવે છે તે જ તેનું સૌનું મોટું સન્માનઃઆ માત્ર નારાયણી જ નહીં પણ દેવી શક્તિનો સંગમ છે- મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા




**મહિલા સંમેલન - નારાયણી સંગમ' કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કરીને મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે ખુલ્લો મુકાયો**

**------------------**

**★સંમેલનમાં ગાંધીનગર શહેર- જિલ્લાની અંદાજે ૧,૨૦૦ જેટલી બહેનો-માતાઓ સહભાગી થયા**

મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ નારી શક્તિને આવકારતાં કહ્યું હતું કે,નારીને નારાયણી તરીકે સંબોધવામાં આવે છે તે જ તેનું સૌનું મોટુંસન્માન છે.આ માત્ર નારાયણી જ નહી પણ દેવી શક્તિનો સંગમ છે. દેશનો સંપૂર્ણ વિકાસ થાય અને આ દિશામાં દેશ વધુને આગળ વધે તે માટે મહિલા સશક્તિકરણ ખૂબ જ જરૂરી છે.મહિલાઓ પરિવાર અને સમાજનું કેન્દ્રબિંદુ છે.

ડૉ.શ્રી હેડગેવાર સ્મારક સેવા સમિતિ દ્વારા આજે ગાંધીનગર ખાતે આયોજિત મહિલા સંમેલન - નારાયણી સંગમ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કરીને મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ સંમેલનમાં ગાંધીનગર શહેર- જિલ્લાની અંદાજે ૧,૨૦૦ જેટલી બહેનો-માતાઓ સહભાગી થયા હતા.

મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આપણી ભારતીય સંસ્કૃતિમાં નારીને નારાયણી કહેવામાં આવે છે. જે ઘરમાં નારીનું માન - સન્માન સાથે આદર અપાતો હોય, તે ઘરમાં હંમેશા લક્ષ્મી વસે છે આ પરિવાર હંમેશા સુખ સંપન્ન રહે છે.

વિશાળ મહિલાઓની જન મેદની જોતાં જ મારામાં નવું જોમ, નવી પ્રેરણા ઉભરી આવી છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, આ માત્ર મહિલા સશકિતકરણ નહિ, પરંતુ રાષ્ટ્રના પુનરૂત્થાન માટે એકત્રિત થયેલી સ્ત્રી શકિત, માતૃ શકિતનો સંગમ છે. મહિલાઓને સ્વચ્છ અને ન્યાયી વાતાવરણની જરૂર છે જ્યાં તેઓ દરેક ક્ષેત્રમાં પોતાના સ્વતંત્ર નિર્ણયો, વિચારો વ્યક્ત કરી શકે, પછી તે પોતાના માટે હોય, દેશ માટે હોય, સમાજ માટે હોય કે પરિવાર માટે હોય.

મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ ઉમેરી હતું કે, રાષ્ટ્ર વિકાસ માટે કાર્ય કરનાર મહાપુરુષોની જીવનકથા આપણને સાચા માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે. મહાપુરુષો પોતાના વ્યક્તિત્વ કે પોતાની મહત્વાકાંક્ષાઓનો ત્યાગ કરીને સમગ્ર માનવ સમાજના કલ્યાણ માટે પોતાના જીવનની આહુતિ આપતા હોય છે.

મહિલા સશક્તિકરણમાં શિક્ષણ મુખ્ય ભૂમિકા ભજવે છે તેમ જણાવતા કહ્યું હતું કે, શિક્ષણ મહિલાઓને સામાજિક સમસ્યાઓને પડકારવા તેના ઉકેલ માટેનો માર્ગ બતાવે છે. આર્થિક સશક્તિકરણએ મહિલા સશક્તિકરણનું બીજું મહત્ત્વનું પાસું છે. મહિલાઓ આર્થિક રીતે સશક્ત બને છે,ત્યારે તેઓ પોતાની જાતને અને તેમના પરિવારને તમામ રીતે વધુ સક્ષમ બનાવે છે, આર્થિક મહિલાસશક્તિકરણનું ત્રીજું આવશ્યક ઘટક છે.મહિલાઓને સ્વાસ્થ્ય, માતૃત્વ સંભાળ સહિત ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ સેવાઓની સુલભતા સુનિશ્ચિત કરવાથી તેમની એકંદરે પરિવાર- સમાજની સુખાકારીમાં વધારો થાય છે.નારાયણી સંમેલનના મુખ્ય વક્તા અને ઐના પ્રોફેસર ડૉ.શ્રુતિ આણેરાવે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, સમાજ અને રાષ્ટ્ર વિકાસમાં વિવિધ સમાજસેવી સંસ્થાઓ,મહિલા મંડળો, ધાર્મિક સંગઠનો સંવર્ધક સંરક્ષકની ભૂમિકા ભજવી રહ્યાં છે જેના ભાગરૂપે આજે મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતના ઈતિહાસમાં રાણી લક્ષ્મીબાઈ,દુર્ગાવતી, પદ્માવતી, નાયકા દેવી જેવી અનેક નારીઓ તેમની રાષ્ટ્ર ભક્તિથી આપણેને હંમેશા પ્રેરણા આપે છે. પ્રાચીન ભારતથી શરૂ કરીને હાલમાં પણ દેશના વિકાસમાં તમામ ક્ષેત્રે ભારતીય મહિલાઓ અગ્રેસર છે. ભારતમાં મહિલાઓ અંદાજે ૫૦ ટકા વસ્તી ધરાવે છે ત્યારે દેશના વિકાસમાં પણ સરખી ભાગીદારી જરૂરી છે. ભારતમાં વૈદીક કાળથી જ મહિલાઓને સમાન અધિકારો આપવામાં આવ્યા છે. સનાતન ધર્મમાં મહિલાઓને વિશેષ સન્માન આપવામાં આવે છે. આપણે આપણા પરિવારમાં સંસ્કાર, શિક્ષણ,સ્વચ્છતા,પર્યાવરણનું જતન ,અન્નનો સુચારુ ઉપયોગ,માતૃભાષામાં શિક્ષણ વગેરે બાબતે વધુ જાગૃતિ કેળવવી પડશે તો જ વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત-૨૦૪૭' સંકલ્પને સૌ સાથે મળીને સાકાર કરી શકીશું.

પૂર્વ સાંસદ શ્રી ભાવનાબેન દવેએ સમાપન સત્રમાં મહિલા સશક્તીકરણ સંદર્ભે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.શ્રી બ્રહ્માકુમારી નેહાબેને આશીર્વચન આપ્યા હતા.

શ્રી શૈલજાબેન અંધારે ગુજરાતભરમાં યોજાયેલ અને આગામી સમયમાં યોજાનાર નારાયણી સંમેલન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સમાપન સત્રના અધ્યક્ષા ગાયનોકોલોજિસ્ટ ડૉ.નીતાબેન શેખાતે મહિલા આરોગ્ય વિશે તલસ્પર્શી માહિતી આપીને તમામને જાગૃત કર્યા હતા.

વિવિધ તજજ્ઞોની ઉપસ્થિતિમાં મહિલાઓના પ્રશ્નો અંગે ચર્ચા -સંવાદ સત્ર યોજાયું હતું જેમાં મહિલાઓ ઉત્સાહભેર સહભાગી થયા હતા.

આ સંમેલનમાં વિવિધ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત મહિલા અને સમાજ સેવિકાઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ઈફકોના ચેરમેન અને પૂર્વ મંત્રી શ્રી દિલીપ સંઘાણી, મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશવંત પટેલ, ગાંધીનગર શહેર - જિલ્લાના વિવિધ મહિલા સંગઠનો, મહિલા આગેવાનો,બહેનો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.




Samuh Janoi on Sunday 17th Dec 2023 by Brahman Seva Samaj and Patan youth club at Bhurabhai Hall kandivali 18 batuks more than 1200 bramjans were present Shri Dhananjaybhai Vyas as a guest for Aashirvachan to batuks.

# ચાણસ્મા શહેરની અંદર અક્ષત કળશ યાત્રા આવી પહોંચતા ભવ્ય સામૈયું કરાયું. તથા કાર સેવકોનું કરવામાં આવ્યું સન્માન



અયોધ્યા ખાતે નિર્માણ થઈ રહેલા ભગવાન શ્રી રામના ભવ્ય મંદિર માં આવનાર ૨૨ મી જાન્યુઆરી ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવવાનો છે ત્યારે સમગ્ર ભારત દેશની અંદર જન સંપર્ક ના હેતુ થી અક્ષત કળશ યાત્રા યોજાઇ રહી છે ત્યારે આજરોજ ચાણસ્મા ખાતે આવી પહોંચતા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ અક્ષત કળશ યાત્રા શહેરની અંદર આવેલ વિવિધ વિસ્તારોમાં ફરી રામજી મંદિર ખાતે પુર્ણ થઈ હતી પાટણ જીલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આજરોજ બપોરના સુમારે અક્ષત કળશ યાત્રા આવી પહોંચતા ભવ્ય સામૈયું કરાયું હતું

તે સમયે થયેલી કાર સેવા ના સેવકો આજે પણ ચાણસ્મામાં હાજર છે તેમનું મંતવ્ય લેતા એમ જણાવ્યું હતું કે એ સમયે પ્રથમ કાર સેવા થઈ ત્યારે અમારે પરત આવવું પડ્યું હતું. ત્યારબાદ બીજી કાર સેવા થઈ તે સમયે અમો છેક સુધી પહોંચી શક્યા હતા અને આજે આ ભવ્ય રામ મંદિર નું નિર્માણ થઈ રહ્યું છે એની અમે સાક્ષી છીએ એ જાણીને અમને ઘણો જ આનંદ થયો છે અક્ષત યાત્રા ચાણસ્માના બસ સ્ટેશનથી લઈને ચાણસ્મા ગામના વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રા ફરી હતી અને ચાણસ્માના નગરજનો આ અક્ષત યાત્રાને ફૂલેથી વધાવી હતી જેમાં આવનાર ૨૨ મી જાન્યુઆરી ના રોજ યોજાનાર ભગવાન શ્રી રામ ની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માં હાજર રહેવા દરેક ધર્મ પ્રેમી જનતા ને આહવાન કરવામાં આવ્યું હતું તેમજ ત્યારબાદ શહેરની અંદર આવેલ રામજી મંદિર ખાતે યાત્રા પુર્ણ થઈ હતી જેમાં મોટી સંખ્યામાં વિવિધ સંસ્થાઓ તેમજ ધર્મ પ્રેમી જનતા જોડાઈને ભગવાન શ્રી રામ ની મહા આરતી નો લ્હાવો લીધો હતો

**નિખિલ જોષીઃ પાટણ જિલ્લા બ્યુરોચીફ**

# શૈક્ષણિક હેતૂ માટે આપેલું દાન ઉત્તમ છે-બલવંતસિંહ રાજપુત




સિદ્ધપુર તાલુકાના કલ્યાણા ગામે શ્રી કલ્યાણા જૂથ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આઇ.એમ. પટેલ જાગૃતિ વિદ્યાલય તથા નિમા ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા આયોજિત ×સુવર્ણ જયંતિ× મહોત્સવ પ્રસંગે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા.આ પ્રસંગે ઉદબોધનમાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે શૈક્ષણિક હેતુ માટે આપવામાં આવેલું દાન ઉત્તમ છે તેઓએ કલ્યાણા ગામે શૈક્ષણિક સંકુલમાં દાન આપવા બદલ સર્વે દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો આ પ્રસંગે માનનીય સંત નિજાનંદજી મહારાજ, સંસ્થાના દાતા કાનજીભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખ કાંતિભાઈ પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી અશોકભાઈ, સર્વે દાતા અશ્વિનભાઈ, મનોજભાઈ, ચિરાગભાઈ, પૂર્વ આચાર્ય નારણભાઈ ઠક્કર, આચાર્ય ફાલ્ગુનીબેન, તાલુકા ભાજપ પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જશુભાઈ પટેલ, જિલ્લા ભાજપ મંત્રી મનીષભાઈ પ્રજાપતિ, સુરપાલસિંહ રાજપુત ,શંભુભાઈ દેસાઈ, દિલીપજી ઠાકોર, પ્રાંત અધિકારી સંકેતભાઈ પટેલ અને મોટી સંખ્યામાં પધારેલ વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

# "સનાતન ધર્મની જ્યોત હૈયે જગાવીએ" વિષય પરનું ૧૦૪મું પ્રવચન યોજાશે

જેનો આરંભ ઈતિહાસના સમયથી પેલે પારનો છે અને જેનો અંત ક્યારેય નથી. જેનો કોઇ સ્થાપક નથી, પરંતુ આદિ-અનાદિથી જેનું ગંગાના પ્રવાહની જેમ વહન થઇ રહ્યું છે. અનેક તત્વચિંતનો, વિધિ-વિધાનો, માન્યતાઓ અને રીત-રીવાજો જેવા પાયાના તત્ત્વોનો વિશાળ મહાસાગર જેમાં સમાયેલો છે. જેના અવતારવાદ અને મૂર્તિપૂજા, કર્મવાદ અને પુનર્જન્મ, સંયમ અને બ્રહ્મચર્ય, આહાર-વિહાર શુદ્ધિ અને વ્યવહારશુદ્ધિ પાયાના અભિગમો છે એવો સનાતન ધર્મ જેનું આજનું પ્રચલિત નામ એટલે હિન્દુ ધર્મ. પરંતુ આજે યુગોથી અક્ષુણ્ણ રહેલા ભારતીય સંસ્કૃતિના મૂલ્યો સામે આજે પડકાર આવીને ઊભો છે. વિકૃતિઓ ઈલેક્ટ્રોનિક માધ્યમના અદૃશ્ય તરંગો દ્વારા હજારો માઈલનું અંતર કાપી સંસ્કૃતિ સામે આક્રમક બની સપાટો બોલાવી રહી છે. ભેળસેળના આ જમાનામાં સંસ્કૃતિના મૂલ્યોમાં વિકૃતિની ભેળસેળ થવા લાગી છે. સમસ્ત સમાજ કોઇ વિચિત્ર ત્રિભેટે આવીને ઊભો છે એવા આ કટોકટીના સમયે, આપણા સનાતન ધર્મના મૂલ્યોનું જતન કરવાનું પ્રત્યેક સનાતનીનું કર્તવ્ય છે. વિશ્વવંદનીય સંત વિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે પૂ મહંતસ્વામી મહારાજ આ કર્તવ્ય નિભાવવામાં ગૌરીશિખર સમી ભૂમિકા નિભાવી રહ્યા છે. ત્યારે આશા છે, સનાતન ધર્મ-સંસ્કૃતિને વધુ સમજવાની તક જતી ન કરીએ. આર્ષ, ત્રૈમાસિક પ્રવચનમાળા, પ્રવચન-૧૦૪ માં "સનાતન ધર્મની જ્યોત હૈયે જગાવીએ" વિષયક પ્રવચન તા.૨૩/૧૨/૨૦૨૩ ને શનિવારના રોજ સાંજે ૦૪.૩૦ થી ૦૭.૦૦ દરમિયાન, અક્ષરધામ હરિમંદિર સભા હોલમાં યોજાશે. જેમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર. શાહીબાગ, અમદાવાદના ભારતીય સંસ્કૃતિના પ્રખર ઈતિહાસવિદ્ વિદ્વાન વક્તા પૂ. અક્ષરવત્સલદાસ સ્વામીના પ્રવચનનો લાભ પ્રાપ્ત થનાર છે તો સૌ ભાવિકોને હાર્દિક નિમંત્રણ છે.

# બોર્ડર પર ફરજ બજાવતા બીએસએફના જવાનો માટે રાહત ભરી મેડીકલ સેવાનો પ્રારંભ




ગુજરાતની બોર્ડર પર ફરજ બજાવતા બીએસએફના જવાનો માટે રાહત ભરી મેડિકલ સેવાનો પ્રારંભ થયો છે. શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાતની બોર્ડર પર ફરજ બજાવતા બીએસએફના જવાનો માટે ક્લિનિક ઓન વ્હીલ સેવા શરૂ કરાઈ છે. આ ક્લિનિક ઓન વ્હીલ વાન પોતાના તબીબી સ્ટાફ સાથે ગુજરાતના બોર્ડર પર ફરજ બજાવતા જવાનોને તેમની જગ્યા ઉપર જઈને સારવાર આપશે. આ અંગે ટ્રસ્ટના પ્રમુખ ડોક્ટર પ્રકાશ કુરમી એ જણાવ્યું છે કે આ કન્સલ્ટન્સી માટે કોઈપણ પ્રકારનો ચાર્જ વસૂલ કરવામાં આવશે નહીં. આ સાથે આ સેવાના કારણે બોર્ડર પર દેશની રક્ષા કરનાર જવાનોને મહત અંશે રાહત મળશે. રસના ગ્રુપ દ્વારા સીએસઆર એક્ટિવિટી અંતર્ગત અપાયેલી આ મેડિકલ વાન સ્પેશિયલી એવી રીતે બનાવવામાં આવી છે કે જેમાં દૂર દૂરના ગામડાઓમાં ફરજ બજાવતા બોર્ડરના જવાનો સુધી પહોંચીને કોઈપણ પ્રકારનો ચાર્જ લીધા વગર તેઓને કન્સલ્ટિંગ કરીને તેમના રિપોર્ટ કાઢીને તેમને ટ્રીટમેન્ટ આપવામાં આવશે. ગુજરાતમાં ફરજ બજાવતા બીએસએફના જવાનો માટે આવી સેવા સૌ પ્રથમવાર શરૂ થઈ છે એમ તેમણે વધુમાં ઉમેર્યુ હતું.આ ક્લિનિક ઓન વ્હીલના પ્રારંભ પ્રસંગે રસના ગ્રુપના માલિક તેમજ સાઉથ કોરિયાના માનદ કોન્સોલ જનરલ શ્રી પિરૂજ ખંભાતા, કોન્સોલ શ્રી ડોસીક કિમ, એસોસીએશન હેડ ઓફ કોરિયન શ્રી કો યુંગ, ઓફિસિયલ સુમીન સોંગ તેમજ શ્રી સંધિ હાન ઉપસ્થિત રહ્યા હતા.




**સુરત ખાતે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમા ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમા કેન્દ્રીય મંત્રી શ્રી દર્શનાબેન જરદોશ,રાજ્ય સરકારના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, શહેર પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા,ધારાસભ્યશ્રીઓ શ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી અરવિંદભાઈ રાણા,મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રભાઈ પાટીલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ, પૂર્વ મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

### આપના ફાઉન્ડર મેમ્બર શ્રી આર. સી. પટેલ, ભાજપ એબીવીપીના પૂર્વ પ્રદેશ કારોબારી સભ્ય શ્રી

# કુનાલસિંઘ સુરી સહિત જેડીયુ, સમાજવાદી પાર્ટી, એનસીપીમાંથી અનેક પૂર્વ હોદ્દેદાર-કાર્યકરો આજે કોંગ્રેસ પક્ષમાં જોડાયા



ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને અવિરત પ્રતિસાદ મળી રહ્યો છે. વિવિધ પક્ષોમાંથી અનેક મોટા નેતાઓ તથા કાર્યકર્તાઓ, રાજકીય અને બિનરાજકીય અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ અવિરત રીતે કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે, તેઓનો શ્રી શક્તિસિંહ ગોહિલે આભાર માન્યો હતો.આજે રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે ભાજપ, આપ, જેડીયુ, સમાજવાદી પાર્ટી, એનસીપીમાંથી અમદાવાદ શહેર, ગાંધીનગર જિલ્લા, ભુજ-કચ્છ, સુરત, વડોદરા ખાતેથી અનેક મોટા નેતાઓ તથા કાર્યકર્તાઓ કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. આપના ફાઉન્ડર મેમ્બર શ્રી આર. સી. પટેલ, ભાજપ એબીવીપીના પૂર્વ પ્રદેશ કારોબારી સભ્ય શ્રી કુનાલસિંઘ સુરી, ગાંધીનગર શહેર-જિલ્લાના આપના મહામંત્રી શ્રી અનંત યાજ્ઞિક, ગાંધીનગર શહેર-જિલ્લાના કરણી સેનાના પૂર્વ પ્રમુખ શ્રી વિજયસિંહ સોલંકી, રાષ્ટ્રીય મજદુર પાર્ટીના પૂર્વ પ્રદેશ પ્રમુખ ડો. શૈલેશભાઈ જોષી, રાષ્ટ્રીય મજદુર પાર્ટીના પૂર્વ મહિલા પ્રમુખ શ્રી દક્ષાબેન બારોટ સહિત સમાજવાદી પાર્ટી, એનસીપીના પૂર્વ હોદ્દેદાર-કાર્યકરો આજે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલના હસ્તે કોંગ્રેસ પક્ષનું સભ્યપદ ગ્રહણ કરેલ. ગુજરાતમાં ભાજપનું કુશાસન ગુજરાતના લોકો માટે ત્રાસદાયક બની ગયું છે. યુવાનોને રોજગારી નથી, ખેડૂતો માટે અસલી બિયારણ-યુરિયા ખાતર પૂરતું નથી, શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે, આરોગ્ય સેવાઓ મોંઘી બની છે, મોંઘવારી આસમાને છે, દરેક જગ્યાએ પુષ્કળ ભ્રષ્ટાચાર છે ત્યારે ગુજરાત અને ગુજરાતીઓના હિતમાં સત્તા પરિવર્તન અત્યંત જરૂરી બન્યું છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આજે આગળ વધી રહેલ છે ત્યારે જનહિતમાં કોંગ્રેસ પક્ષમાં જોડાવાનો નિર્ણય આ હોદ્દેદાર-કાર્યકર્તાઓએ કરેલ છે.આજે પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે પક્ષમાં જોડાનાર નેતાઓના આવકાર કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલ સાથે વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, અમદાવાદ શહેર પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરૂ, પ્રદેશ હોદ્દેદારશ્રી બળદેવભાઈ લુણી, પ્રવક્તાશ્રી પાર્થિવરાજસિંહ ગોહિલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

આહવા

ડાંગ જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમા જિલ્લા પુરવઠા અધિકારી શ્રી જી.કે.મકવાણાની ઉપસ્થિતિમા જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમા આહવા અને વઘઇ ખાતે આવેલ ગોડઉનમા ઉપલબ્ધ જથ્થાની ચર્ચા કરી લક્ષિત વિતરણ વ્યવસ્થા યોજના અન્વયે "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩" હેઠળ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુંટુબોને મળવા પાત્ર જથ્થાની સમિક્ષા કરવામા આવી હતી.



ડાંગ જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કરવામા આવતી આવશ્કય ચીજવસ્તુઓનુ વિતરણ જે સરેરાસ ૯૫ થી ૯૭ ટકા આધારિત વિતરણ કરવામા આવે છે. તેમજ જિલ્લામા થયેલ ગ્રાહક સુરક્ષાના કેસોની સમિક્ષા કરવામા આવી હતી.

આ બેઠકમા વાજબી ભાવની દુકાનોના આગેવાનો તેમજ સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણમાં ડમ્પરે ટક્કર મારતાં લગ્ન પ્રસંગે જઈ રહેલી બે યુવતીઓ કચડાઈ,એકનું મોત

**બંન્ને યુવતીઓ લગ્ન પ્રસંગે જતી હતી**

**મળતી માહિતી મુજબ બન્ને યુવતીઓને વહેલી સવારે ખાનપુરા ગામથી બહુચરાજી પાસે આવેલ એક ગામમાં લગ્ન પ્રસંગે જઇ રહી હતી તે દરમિયાન અકસ્માત ની ઘટના બની હતી**



**પોલીસ દ્વારા ડમ્પર ચાલકો સામે લાલ આંખ કરવામાં આવે તેવી માંગ**

**સમગ્ર પાટણ જિલ્લાની અંદર ડમ્પર ચાલકો દ્વારા બેફામ રીતે પોતાના ડમ્પરો દોડાવી નાના મોટા અકસ્માત સર્જી રહ્યા છે ત્યારે પાટણ જિલ્લા પોલીસ દ્વારા આવા ડમ્પર ચાલકો સામે લાલ આંખ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે**

પાટણ શહેરમાં વહેલી સવારે અકસ્માત નો બનાવ બનવા પામ્યો હતો જેમાં રસ્તો ઓળંગતા વખતે બે યુવતીઓ ને ડમ્પરે ટક્કર મારતાં ઘટના સ્થળે જ એક યુવતી નું મોત થયું હતું તેમજ એક યુવતી ને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા હાજર લોકો દ્વારા સારવાર અર્થે જનતા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી બનાવને પગલે ઘટનાસ્થળે પોલીસ દોડી આવી હતી

મળતી વિગતો મુજબ પાટણ ના ખાનપુરા ગામની બે યુવતીઓ પાટણ ઉતરીને ચા પાણી કરીને સિધ્ધપુર ચોકડી આવેલ બસ સ્ટેશન જતી હતી તે દરમિયાન સિધ્ધપુર તરફથી માતેલા સાંઢની જેમ આવી રહેલ ડમ્પરે ટક્કર મારતાં ઘટના સ્થળે જ એક યુવતી નું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું જયારે બીજી યુવતી ને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં જનતા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી

**નિખીલ જોષીઃ પાટણ જિલ્લા બ્યુરોચીફ**

# સેક્ટર ૪ નું નાધણિયાતું જાહેર શૌચાલય

સ્વચ્છ અને ગ્રીન ગાંધીનગર ને કલંકિત કરતું સેક્ટર ૪ નું શૌચાલય છેલ્લા બે મહિનાથી ગંદકી થી ખદબદતું બની ગયું છે. તેને રોગચાળા નું ઘર કહિયે તો પણ અસ્થાને નથી. તેમાં ફ્લાઇટ બંધ કરી દેવામાં આવી છે. તેમાં સ્વચ્છતા બાબતે પ્રતિભાવ આપવા મૂકવામાં આવેલ પણતેનો પ્લગ બળી જવાથી કે બાળી નાખવાથી છેલ્લા ત્રણ મહિનાથી બંધ છે, પાણી પણ સતત વહ્યા કરે છે. પાસેના બાગ માં આવેલા પૈકી જે શૌચાલય માં જાય તે નાક બંધ રાખીને જાય અને આવે છે. કોઈ કર્મચારી તો દેખાતા જ નથી. આ અંગે સેક્ટર ૪ ના કોર્પોરેટરો શ્રી રાજુભાઇ પટેલ અને છાયા બેન ને અવાર નવાર રજુઆતો કરી હતી છતા , કાલે કરાવી દઉં, આજે થઈ જશે તેવા માત્ર આશ્વાસન મળ્યા છે. આ ગંદકી ને કારણે કેટલાક લોકો શૌચાલય પાછળ કે ગાર્ડન ના કોઈ આડશ મેળવી હાજતે જાય છે. આમ નધણિયાતા બનેલા શૌચાલય ના કોઈ રણીધણી થાય તેવી આશા સેવાઈ રહી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.